# સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP) FOR DEAF ACCOUNT CLAIM

## (૧)DEAF માં ટ્રાન્સફર થયેલ જમા રકમનો દાવો (Claim)

ઉદ્દેશ :
RBI ની માર્ગદર્શિકા મુજબ Depositor Education and Awareness Fund (DEAF) માં ટ્રાન્સફર થયેલ કરંટ / સેવિંગ્સ /ફિક્સ ડિપોઝીટ એકાઉન્ટમાં જમા રકમ પર દાવો કરવાની પ્રક્રિયા નીચે મુજબની રહેશે.

**જમા રકમ DEAF માં ક્યારે ટ્રાન્સફર થાય :**
- ડિપોઝીટ ખાતામાં ૧૦ વર્ષ સુધી ગ્રાહક ધ્વારા કોઇ લેવડદેવડ ન હોય
- ફિક્સ ડિપોઝીટ તેની પાકતી તારીખથી ૧૦ વર્ષ સુધી રિન્યુ કે ઉપાડ ન થાય

**દાવેદાર કોણ બની શકે ? :**
- જો મૂળ ખાતેદાર હયાત ન હોય તો આ ખાતામાં જે નોમિનીની નિમણૂંક કરેલ હોય તો નોમિની દાવો કરી શકે.
- કાનૂની વારસદાર

**દાવાની પ્રક્રિયા :**
- ખાતું જે શાખામાં હોય ત્યાં DEAF દાવા માટે અરજી કરવી
- જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના (KYC, ખાતાની વિગતો, મૃત્યુ પ્રમાણપત્ર, વારસાઇ પ્રમાણપત્ર –
જો લાગુ પડે) તેવા કિસ્સામાં
- બેન્ક ધ્વારા દસ્તાવેજોની ચકાસણી કરી, બેન્કની વહીવટી કચેરીની મંજુરી બાદ ગ્રાહકને પેમેન્ટ કરવામાં આવશે. ત્યારબાદ બેન્ક RBI ના પોર્ટલ પર આ દાવાનો ક્લેઇમ કરી નાણાં પરત મેળવશે.
- RBI નાં નિયમ મુજબ દાવાની રકમ પર વ્યાજ ચૂકવવામાં આવશે.

**સમય મર્યાદા :**
- દસ્તાવેજો પૂર્ણ હોય તો સામાન્ય રીતે ૭ થી ૧૫ દિવસમાં દાવાની ચુકવણી કરવામાં આવશે.

Surat National Co-op Bank Ltd

## (૨) નિષ્ક્રિય ખાતું (Inoperative Account) સક્રિય કરવાની પ્રક્રિયા

## SOP FOR INOPERATIVE TO OPERATIVE ACCOUNT :

ઉદ્દેશ :

RBI નાં નિયમો મુજબ નિષ્ક્રિય થયેલ બેન્ક ખાતાને ફરી સક્રિય કરવાની પ્રક્રિયા નીચે મુજબની રહેશે.

**ખાતું ક્યારે નિષ્ક્રિય ગણાય :**

- સતત ૨ વર્ષ સુધી કોઇ ગ્રાહક ધ્વારા લેવડદેવડ ન થાય ત્યારે

**ખાતું સક્રિય કરવાની પ્રક્રિયા :**

- ખાતેદારે પોતાની હોમ શાખામાં મુલાકાત લેવી
- ખાતું સક્રિય કરવાની અરજી ફોર્મ ભરવું
- ખાતેદાર/ખાતેદારોનાં જરૂરી KYC દસ્તાવેજો રજૂ કરવા (ઓળખ અને સરનામું)
- બેન્ક ધ્વારા ચકાસણી
- ખાતું ફરી સક્રિય કરવા પ્રથમ ઓછામાં ઓછા રૂ.૧૦૦/- જમા કરાવવા.

**સમય મર્યાદા :**

- સામાન્ય રીતે જે દિવસે શાખામાં ખાતું સક્રિય કરવાની અરજી કરશે તે જ દિવસે ખાતેદાર બેન્કમાં રૂબરૂ હાજર રહેવાને કારણે ખાતું સક્રિય કરવામાં આવશે.